

(તસવીર : દિપક જાની)

ગાંધીનગર બાર એસોસીએશનના નવા વરાયેલા હોદ્દેદારો માટે આજે કોર્ટના બારરૂમમાં શુભેચ્છા સમારોહ યોજવામાં આવ્યો હતો. બારના નવલ પ્રમુખ ગજેન્દ્રસિંહ રાઠોડ ઉપપ્રમુખ ચિંતન ત્રિવેદી સહિતના હોદ્દેદારોને વકીલોએ શુભેચ્છા પાઠવી હતી.

બળાત્કાર કેસમાં આરોપીને સાત વર્ષની સજા ભોગવવા આદેશ

બદકામ કરવાના ઈરાદે આરોપી તેણીને ભગાડીને લઈ ગયો હતો

ગાંધીનગર, તા.૨૪

બાળકી પર બળાત્કાર ગુજારવાના કેસમાં ગાંધીનગર એડીશનલ ડીસ્ટ્રીકટ કોર્ટે આરોપીને ૭ વર્ષની સજા ભોગવવા હુકમ કર્યો છે.

આ કેસની પ્રાપ્ય વિગત અનુસાર ગત તા. ૯ એપ્રિલ ૨૦૧૨ના રોજ સે-૨૮ બગીચા સામેથી આરોપી સુનિલ બાબુભાઈ ભંગી ૧૩ વર્ષની સગીર બાળકીને લલચાવી ફોસલાવી બદકામ કરવાના ઈરાદે ભગાડીને લઈ ગયો હતો. આરોપીએ બાળકીને ભગાડી તેણીની ઉપર બળાત્કાર ગુજાર્યો હતો. આ બનાવ સંદર્ભે ભોગ બનનાર બાળકીના પિતાએ સે-૨૧ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. પોલીસે આરોપીને ઝડપી લઈ આરોપી વિરુધ્ધ ગાંધીનગર કોર્ટમાં ચાર્જશીટ રજુ કર્યું હતું. આ કેસ ગાંધીનગરની એડીશનલ ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ તરીકે પ્રિતેશ ડી. વ્યાસે દલીલો કરી હતી. કોર્ટ સમક્ષ દલીલમાં તેમણે જણાવ્યું હતું કે દિનપ્રતિદિન નાની બાળકીઓ ઉપર બળાત્કાર થવાના કિસ્સાઓ વધતા ગયા છે. તેમણે દિલ્હી રેપ કેસની ઘટનાનો પણ ઉલ્લેખ કર્યો હતો. સરકારી વકીલે આરોપીને સમાજમાં દાખલો બેસે તેવી સખત સજા કરવા જણાવ્યું હતું. સરકારી વકીલની દલીલો તેમજ ભોગ બનનાર અને ડોકટર સાહેદની જુબાની સહિતના પુરાવાઓને ધ્યાને લઈ એડીશનલ એન્ડ સેશન્સ જજ એસ.કે. બક્ષીએ આરોપીને ૭ વર્ષની સખત કેદની સજા તેમજ રૂ. ૫ હજારનો દંડ ભોગવવા હુકમ કર્યો છે.

ઘરકંકાસથી કંટાળીને પિતાએ બે સંતાનોને લઈ કેનાલમાં ઝંપલાવ્યું

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર નજીક રાયપુર નર્મદા કેનાલમાં બે સંતાનોને લઈને પિતાએ ઝંપલાવી આપઘાત કરી લેતાં ચકચાર મચી જવા પામી છે. દહેગામ પાસેના પાલૈયા ગામના યુવાને ઘરકંકાસથી કંટાળીને બંને સંતાનોને લઈને આપઘાત કર્યો હવાનું પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે. કેનાલમાંથી બહાર કાઢવામાં આવેલા ત્રણેય મૃતદેહો પૈકી પિતાના મૃતદેહના ખિસ્સા ફંફોસતાં સ્યુસાઈડ નોટ પણ મળી આવી છે. પોલીસે તે નોટ કબજે કરી તપાસનો દોર શરૂ કર્યો છે.

દહેગામ તાલુકાના પાલૈયા ગામમાં રહેતા ૩૦ વર્ષીય વિજય જીવણભાઈ રાઠોડ ખાનગી કંપનીમાં નોકરી કરતા હતા. તેમના લગ્નજીવનમાં બે સંતાનો છે, જેમાં ૩ વર્ષીય પુત્ર યુવરાજ અને ૮ વર્ષીય પુત્રી એકતાનો સમાવેશ થાય છે. છેલ્લા ઘણા સમયથી વિજય રઠોડ ઘરકંકાસથી ત્રસ્ત હતા. દરમ્યાન આજે સવારના સુમારે તેઓ બંને સંતાનોને બાઈક પર બેસાડી રાયપુર નર્મદા કેનાલ પાસે પહોંચી ગયા હતા અને કેનાલ પાસેબાઈક પાર્ક કરીને બંને સંતાનોને લઈ કેનાલમાં પડતું મુકી દઈ મોતને વ્હાલું કરી દીધું હતું. આ કિસ્સામાં ત્રણેયનાં મોત નિપજ્યાં છે. ત્રણેય મૃતદેહ પાણીમાં તરતા દેખાતાં સિક્યુરિટી ગાર્ડ પ્રવિણ ઠાકોરે મૃતદેહો બહાર કાઢી પોલીસને બોલાવી લીધી હતી.

દહેગામ પોલીસે મૃતક વિજય રાઠોડના ખિસ્સા ફંફોસતાં તેમાંથી સ્યુસાઈડ નોટ મળી આવી હતી. જેમાં લખ્યું હતું, 'હું તેને ૧૨ મહિનાથી સમજાવતો હતો પણ તે માનતી ન હતી...' આ સહિત ઘરકંકાસની તમામ બાબતોનું વર્ણન કરવામાં આવ્યું હતું. આમ તેમણે ઘરકંકાસથી કંટાળી આપઘાત કર્યો હવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે. પોલીસે મૃતક પિતા વિરુદ્ધ બંને સંતાનોની હત્યાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

કોંગ્રેસના સભ્યપદેથી રાજીનામું આપતાં નારણભાઈ પટેલ

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર તાલુકા પંચાયતના પૂર્વ ઉપાધ્યક્ષ નારણભાઈ પટેલે આજે કોંગ્રેસ પક્ષના પ્રાથમિક સભ્યપદેથી રાજીનામું આપી દેતાં કોંગ્રેસ પક્ષમાં સન્નાટો વ્યાપી જવા પામ્યો છે.

ગાંધીનગર તાલુકા પંચાયતની મુદત પૂર્ણ થવામાં છે ત્યાં તાલુકા પંચાયતના પૂર્વ ઉપપ્રમુખે કોંગ્રેસમાંથી રાજીનામુ આપી એવી જાહેરાત કરી છે કે તેઓ ભાજપમાં જોડાવાના નથી પરંતુ અન્ના હજારેના વિચારોનું સમર્થન કરી સમાજ સેવાનું કાર્ય ચાલુ રાખશે.

ગાંધીનગરમાં કોંગ્રેસના કાંગરા જે રીતે ખરી રહ્યા છે તેને જોતાં તાલુકા પંચાયતની આગામી ચૂંટણી રસપ્રદ બની રહેશે તેમ રાજકીય નિરીક્ષકો માની રહ્યા છે.

ધી ગુજરાત સ્ટેટ કો.ઓ. બેંકને રાષ્ટ્રીય કક્ષાનો એવોર્ડ

ગાંધીનગર, તા.૨૪

ગુજરાત સ્ટેટ કો.ઓ. બેંકના ચેરમેનશ્રી અજયભાઈ પટેલના નેતૃત્વમાં બેંકને ત્રિસ્તરીય માળખાની સારી કામગીરી કરવા બદલ નેશનલ ફેડરેશન ઓફ સ્ટેટ કો.ઓપ. બેંકસ લી. ઈન્ડિયા (NAFSCOB) દ્વારા ગુજરાત સ્ટેટ કો.ઓપ. બેંક લી. (એપેક્ષ બેંક) ને વર્ષ ૨૦૦૮-૦૯ માટે સ્પેશ્યલ એવોર્ડ ગ્રૂપ-૭ની કક્ષામાં 'Corporate Governance and Management Performance' માટે ખાસ પુરસ્કાર એનાયત કરવામાંઆવ્યો છે તથા ઓવરઓલ પરફોર્મન્સ માટે વર્ષ ૨૦૦૯-૧૦નો પ્રથમ પુરસ્કાર, વર્ષ ૨૦૧૦-૧૧ માટે દ્વિતીય પુરસ્કાર અને વર્ષ ૨૦૧૧-૧૨ માટે પ્રથમ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો છે.

ધી ગુજરાત સ્ટેટ કો.ઓપ. બેંક લી.ના ચેરમેન શ્રી અજયભાઈ પટેલના કુશળ નેતૃત્વ અને પારદર્શક વહિવટ તેમજ બોર્ડ ઓફ ડીરેકટર્સના સર્વે સભ્યોના સહયોગથી ગુજરાત સ્ટેટ કો.ઓપ. બેંક લી. તેમજ બેંક સાથે જોડાયેલ સહકારી સંસ્થાઓએ ખેડુતલક્ષી સારી કામગીરી કરેલ છે. તમામ બાબતોની નોંધ લઈ તમામ સ્તરે ચકાસણી કર્યા બાદ નેશનલ ફેડરેશન ઓફ સ્ટેટ કો.ઓ. બેંકસ લી. ઈન્ડિયા (NAFSCOB) દ્વારા ગુજરાત સ્ટેટ કો.ઓપ. બેંક લી. (એપેક્ષ બેંક)ને સળંગ ચાર વર્ષના એવોર્ડ આપ્યા છે. આમ ગુજરાતનું સહકારી ક્ષેત્ર બેંકની આગેવાની હેઠળ વિકાસની દિશા તરફ પવનગતિએ વિશ્વસનીયતાથી પ્રગતિ કરી રહ્યું છે જે દેશની તમામ સ્ટેટ કો.ઓપ. બેંક માટે ઉદાહરણરૂપ બની રહેશે.

દિલ્હી ગેંગ રેપ વિરોધી રેલીનું આજે ગાંધીનગરમાં આયોજન

ગાંધીનગર, તા. ૨૪

દિલ્હીમાં થયેલા ગેંગ રેપના પડઘા સમગ્ર ભારત દેશમાં પડ્યા છે ત્યારે આવતીકાલે ગાંધીનગરના યુવાનો ઇન્ફોસિટીથી ઘ-૩ સુધી આ ઘટનાના વિરોધમાં રેલી કાઢશે.

સાંજે ૬.૩૦ કલાકે યુવાનો આ જઘન્ય કૃત્યના વિરોધમાં રેલી કાઢશે. સમાજમાં થતા દુષ્કર્મો વિરોધી કડક કાયદા ઘડાય અને બહેન-દીકરીઓ નિર્ભય થઈને જીવી શકે તેવા વાતાવરણને યુવાનો કલ્પી રહ્યા છે.

કાલીચંડી જ્યોતિષ

૧૦૦% ગેરંટી * તમારી સમસ્યાનો ઉકેલ મારી પાસે છે
એક મુલાકાતમાં કામ * જૂના અને જાણીતા ગોલ્ડમેડાલિસ્ટ
આધોરી ક્રિયા, મુસલમાની ક્રિયાના જાણકાર
નોકરી, ધંધો, વશીકરણ, પતિવશ, પત્નીવશ, શત્રુવશ, નાણાં ફસાયેલા નાણાં, છૂટાછેડા સ્પેશ્યાલિસ્ટ
કોઈ પણ જગ્યાએ કામ ન થાય તો હું કરી આપીશ
ઈશ્કાદારી વશીકરણ, નરસિંગા મૂઠ્યોટ
લવપ્રોબ્લેમના સ્પેશ્યાલિસ્ટ
પ્લોટ નં.૪૯/૨, સેક્ટર-૩, એ-જ્યુ, ગાંધીનગર.
9925384314

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

તાલુકા પંચાયતની ૨૧ બેઠકોમાં રોટેશનના કારણે ભારે બદલાવ

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર તાલુકા પંચાયતની આવી રહેલી સામાન્ય ચૂંટણીમાં બેઠકોના રોટેશનમાં ફેરફાર કરતા હુકમો રાજ્ય ચૂંટણી પંચ દ્વારા જારી કરી દેવામાં આવ્યા છે. પંચે કરેલા આ હુકમને કારણે ૨૧ જેટલી બેઠકોને તેની અસર થઈ રહી છે.

રાજ્ય ચૂંટણી પંચ દ્વારા રોટેશનમાં કરાયેલા ફેરફારને લઈ તાલુકા પંચાયતની ચૂંટણીઓ અંગેની રાજકીય પક્ષોની ક્વાયતો વેગીલી બની છે. પંચે તાજેતરમાં કરેલા આ આદેશને પગલે રાજકીય સમીકરણોમાં ભારે બદલાવ આવશે.

મળતી વિગતો પ્રમાણે અડાલજની બેઠક અનુ. આદિજાતિ માટે રિઝર્વ કરવામાં આવી છે. આ ઉપરાંત ભાટની બેઠક અનુસૂચિત જાતિ માટે તેમજ પ્રાંતિયાની બેઠક અનુસૂચિત જાતિ મહિલા માટે અનામત કરવામાં આવી છે. આજ પ્રમાણે ખોરજ, પોર, રાંધેજા-૧ અને આદરજ મોટી, રાયપુર, રૂપાલ, સરઢવ તેમજ સાદરાની બેઠક સામાન્ય મહિલા માટે અનામત કરવામાં આવી છે.

શેરથા, ટીંટોડા, ઉનાવા, ઉવારસદ, વાવોલ, ઝૂંડાલ, ડભોજા-૧, દોલારાણા વાસણા, ધણપ, ઈસનપુર મોટા, શાહપુર, શિહોલી મોટી, વડોદરા અને વલાદની બેઠક સામાન્ય બેઠકો બની છે.

છાલા, ચિલોડાની બેઠક સામાજિક શૈક્ષણિક રીતે પછાત વર્ગ માટે અનામત જાહેર કરવામાં આવી છે. જ્યારે ડભોડા-૨ની બેઠક સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની મહિલા માટે અનામત જાહેર કરવામાં આવી છે.

સાદરાની બેઠક પરથી તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખ ડૉ. કૌશિક શાહ વિજયી બન્યા હતા જ્યારે ખોરજની બેઠક પરથી પૂર્વ ઉપપ્રમુખ શ્રી નારણભાઈ પટેલ વિજયી બન્યા હતા. આ બન્ને બેઠકો મહિલાઓ માટે અનામત બની છે. જે ઉલ્લેખનીય છે. હાલ તાલુકા પંચાયતના પ્રમુખ ઉનાવાના શ્રી પોપટભાઈ પટેલ છે અને તેમની બેઠક સામાન્ય જ રહેવા પામી છે.

તાલુકા પંચાયતની ૨૧ બેઠકોમાં રોટેશનના કારણે થયેલા ફેરફારોને લઈ રાજકીય પક્ષોએ ઉમેદવારોની પસંદગી અંગેની પ્રાથમિક તૈયારીઓ આરંભી દીધી છે. જોકે આ અંગે હજુ બન્ને પક્ષો દ્વારા મગનું નામ મરી પાડવામાં આવતું નથી.

ભાગ્યોદય હોટલમાં વીજ કરંટથી વેઈટરનું મોત

ભીના હાથે સ્વિચ પાડવા જતાં વેઈટર ચોંટી ગયો હોવાની આશંકા

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર શહેરના સેકટર-૨૧માં આવેલી ભાગ્યોદય હોટલમાં આજે વેઈટરનું કરંટ લાગવાથી મૃત્યુ થઈ જવા પામ્યું છે. સવારના સુમારે વેઈટર હોટલમાં સ્વીચ પાડવા ગયો ત્યારે અચાનક ઈલેક્ટ્રીક કરંટ લાગતા ચોંટી ગયો હતો. સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવેલા વેઈટરને ફરજ પરનાં તબીબે મૃત જાહેર કર્યો હતો. સે-૨૧ પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને મૃતદેહ પી.એમ. માટે મોકલી તપાસનો દોર શરુ કર્યો છે.

ગાંધીનગર શહેરના સે-૨૧માં આવેલી ભાગ્યોદય હોટલમાં મુળ રાજસ્થાનનો વતની ૨૨ વર્ષીય કાનારામ તુલારામ ગરાસીયા વેઈટર તરીકે ફરજ બજાવતો હતો. આજે સવારના ૧૧ વાગ્યાના સુમારે કાનારામ હોટલમાં હતો ત્યારે સ્વીચ ઓન કરવા માટે સ્વીચ બોર્ડ પાસે ગયો અને સ્વીચને અડકતાની સાથે જ ત્યાં ચોંટી ગયો હતો. કોઈ કારણોસર સ્વીચ ઓન કરવા જતાં વેઈટરને ઈલેક્ટ્રીક શોર્ટ લાગ્યો હતો. ગંભીર હાલતમાં તે વેઈટરને તાત્કાલિક ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો પરંતુ તેનું પ્રાણપંખેરું ઉડી જવા પામ્યું હતું. પોલીસને આ ઘટનાની જાણ થતા સે-૨૧ પોલીસ મથકનાં સબ ઈન્સ્પેકટર આર.આર. રાઠવા બનાવ સ્થળે એફ.એસ.એલ.ની ટીમ સાથે પહોંચી ગયા હતા અને ઝીણવટભરી તપાસ શરુ કરી હતી. જો કે હોટલના સ્વીચ બોર્ડમાં કોઈ ખામી પ્રાથમિક તપાસમાં નજરે પડી ન હોવાનું પોલીસે જણાવ્યું છે. ભીના હાથે સ્વીચ પાડવા જતાં ઘટના સર્જાઈ હોવાની શંકા પોલીસે વ્યકત કરી મૃતદેહ પી.એમ. માટે મોકલી અકસ્માત મોતના ગુનાને આધારે તપાસ શરુ કરી છે.

થર્ટી ફર્સ્ટ નાઈટમાં છાકટા બનીને ફરતા યુવાનોની ખેર નથી

ડીજે નાઇટનું આયોજન કરતા પાર્ટી પ્લોટ્સ પર પોલીસની નજર

મહેફિલ કે છેડતીના બનાવો ન બને તે માટે પોલીસ સજ્જ

ગાંધીનગર, તા. ૨૪

૩૧મી ડિસેમ્બર નજીકના દિવસોમાં આવી રહી છે ત્યારે શરાબ અને શબાબની પાર્ટીના શોખીનો પ્રાઇવેટ ફાર્મ હાઉસોમાં પાર્ટીનું આયોજન કરતા હોય છે. પરંતુ ૩૧મી ડિસેમ્બરે આવી મહેફિલો ન મંડાય તે માટે પોલીસ તંત્ર સજાગ થઈ ગયું છે અને આવી પાર્ટી ન યોજાય તે માટે ખાસ વૉચ ગોઠવી દેવામાં આવી છે. તે ઉપરાંત પાર્ટી પ્લોટ્સમાં યોજાતી ડી જે ડાન્સ પાર્ટીમાં કોઈ છેડતી કે મારામારીના બનાવ ન બને તે માટે ખાનગી કપડાંમાં પોલીસ ગોઠવી દેવામાં આવશે.

૩૧મીની ડીજે નાઇટમાં ડાન્સ મસ્તી કરી રાતભર ઝૂમવા માટે યુવા હૈયાં થનગની રહ્યાં છે. ૩૧મી ડિસેમ્બરની નાઇટમાં યોજાતા આ ડીજે નાઇટના કાર્યક્રમોમાં છેડતી, મારામારીસહિતના બનાવો બનતા હોવાનું સમાન્ય થઈ ગયું હોય તેમ નજર સામે જોવા મળે છે ત્યારે આ વર્ષે દારૂના નશામાં છાકટા બનીને નીકળી પડતા નબીરાઓને કાર્યક્રમ સુધી પહોંચતા પહેલાં જ પકડી પાડવા માટે પોલીસ સજ્જ થઈ ગઈ છે. ખાસ કરીને પીધેલી હાલતમાં આવા ગુનાઈત કૃત્યો થતા હોય છે જેથી તે લોકોને પકડી પાડવા તથા ડીજે નાઇટમાં દારૂ પીને આવેલા યુવાનોને પણ ઝડપી લેવા પોલીસે ખાસ વૉચ ગોઠવી છે. તે ઉપરાંત શરાબ, શબાબની મહેફિલોનું આયોજન ન થઈ જાય તેની અત્યારથી જ વૉચ ગોઠવી દેવામાં આવી છે.

ઈન્દ્રોડા ગામે આરોગ્ય તપાસ કેમ્પ યોજાયો

લાયોનેસ કલબ ઓફ ગાંધીનગર અને એમ.બી. પટેલ ઈંગ્લીશ મીડિયમ સ્કૂલના સંયુકત ઉપક્રમે તાજેતરમાં ઈન્દ્રોડા ગામે બે દિવસનો આરોગ્ય તપાસ કેમ્પ યોજાયો હતો. ઈન્દ્રોડા ગામે લાયોનેસ કલબ ઓફ ગાંધીનગર અને એમ.બી. પટેલ સ્કૂલના સહયોગથી આરોગ્ય તપાસણી કાર્યક્રમ યોજાયો હતો. કેમ્પમાં ૩૦૦થી વધુ વ્યકિતઓની આંખોની તપાસ, મોતીયાની તપાસ, ડાયાબિટીસ અને બ્લડ પ્રેશરની તપાસ કરવામાં આવી હતી. ગામના ૨૦૦થી વધુ જરુરિયાતવાળા વ્યકિતઓને મફત ચશ્માનું વિતરણ કરવામાં આવ્યું હતું. સમગ્ર આરોગ્ય તપાસણી કેમ્પને સફળ બનાવવા માટે એન.એસ.એસ.ના વિદ્યાર્થીઓ, એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર વર્ષાબેન પારેખ, લાયોનેસ કલબના પ્રમુખ ઉષાબેન ગજજર અને લાયોનેસ બહેનોએ મોટી સંખ્યામાં હાજરી આપી કામગીરી સંભાળી હતી.

દૂરદર્શન કેન્દ્ર, અમદાવાદ પરથી આજે બપોરે ૨-૩૦ કલાકે

નાતાલ પર્વનો વિશેષ કાર્યક્રમ

કાર્ડીનલ ન્યૂમનની મૂળ અંગ્રેજી વાર્તા
'બિશપ્સ કેન્ડલ સ્ટીક'નું **હસમુખ મેકવાન**
દ્વારા નાટ્ય રૂપાંતરિત,
દિગ્દર્શીત, અભિનિત હૃદય સ્પર્શી લઘુ નાટિકા

નાતાલની એક રાતે

કલાકારો : હસમુખ મેકવાન, નિરંજન શાહ, અન્તોની ફ્રાન્સીસ
નિર્માણ સહયોગ : નિરવ મેકવાન

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૭.૧૪
સૂર્યાસ્ત : ૫.૫૪

તાપમાન

મહત્તમ : ૨૯.૨ ડિ.સે.
લઘુત્તમ : ૧૪.૦ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૫૯ ટકા ● સાંજે ૨૮ ટકા

મનોરંજન

સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :
દબંગ-૨ : ૧૧.૩૦, ૨.૦૦, ૪.૪૫, ૭.૩૦, ૧૦.૧૫
: સ્ક્રીન-૨ :
દબંગ-૨ : ૧૦.૦૦, ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦
: સ્ક્રીન-૩ :
દબંગ-૨ : ૧.૧૫, ૪.૦૦, ૭.૦૦, ૯.૪૫
: સ્ક્રીન-૪ :
દબંગ-૨ : ૧૨.૦૦, ૨.૩૦, ૫.૧૫, ૭.૪૫, ૧૦.૧૫

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
દબંગ -૨ : ૧૦.૦૦, ૧૨.૪૫,૩.૩૦, ૬.૧૫, ૯.૦૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૨ :
દબંગ -૨ : ૧૧.૧૫, ૪.૪૫, ૭.૩૦, ૧૦.૧૫
ખેલાડી ૭૮૬ : ૨.૦૦
: સ્ક્રીન-૩ :
દબંગ -૨ : ૯.૧૫, ૧૨.૦૦, ૨.૪૫, ૫.૩૦, ૮.૧૫, ૧૧.૦૦
: સ્ક્રીન-૪ :
દબંગ -૨ : ૮.૦૦,૧૦.૪૫, ૧.૩૦, ૪.૧૫, ૭.૦૦, ૯.૪૫

સૂર્યા, વાવોલ

દબંગ -૨ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
ઓ ગૉરી મે તો દિલથી બાંધી છે પ્રીત : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
દબંગ -૨: ૧૦.૪૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૦૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૨ :
દબંગ -૨ : ૧૦.૦૦, ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦
: સ્ક્રીન-૩ :
દબંગ : ૧૧.૩૦, ૨.૧૫, ૫.૦૦, ૭.૪૫, ૧૦.૩૦

ચિરાગ, કલોલ

દબંગ -૨ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

ટાઉન હોલ

- વિધાનસભા ભારતીય જનતા પક્ષના વિજય થયેલ નેતાઓની બેઠક બપોરે ૩.૩૦ કલાકે.

આંબેડકર હોલ

- ગાંધીનગર વણકર મહિલા ઉત્કર્ષ સેવા સમાજ દ્વારા સમાજિક કાર્યક્રમ સવારે ૯.૦૦ કલાકે.
- દશકોશી કડવા પાટીદાર સમાજ દ્વારા સમાજિક કાર્યક્રમ બપોરે ૩.૦૦ કલાકે.

સામાજિક

- જૈન સોશ્યલ ગ્રૂપ ગાંધીનગર દ્વાર ાવેલકમ ૨૦૧૩ અને નૂતન સ્નેહ મિલન સમારોહ કોમ્યુનિટી હોલ સેકટર-૭ ખાતે યોજાશે.

ધાર્મિક

- શ્રીરામ ફાઉન્ડેશન દ્વારા પ્રેક્ષા વિશ્વભારતી કોબા બસ સ્ટેન્ડ સામે, ગાંધીનગર ખાતે પ.પૂ. શ્રી છોટે મોરારિબાપુની વ્યાસપીઠે રામકથાનું આયોજન સવારે ૯.૦૦ કલાકે.

આપની આજ

મેષ : તમારી ઈચ્છાઓ તેમજ મહત્વકાંક્ષા પૂર્ણ થશે. મૂડી રોકાણમાં લાભ થવાની સંભાવના છે. તમારો આત્મવિશ્વાસ વધશે.

વૃષભ : બીજા પર વધુ વિશ્વાસ ન કરવો. વ્યાપાર- વ્યવસાય સારો અને લાભદાયી રહેશે. નવા સંબંધ લાભદાયક રહેશે.

મિથુન : ધાર્મિક કાર્યોમાં મન લાગશે. શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી. આપના થકી વ્યવસાયિક ક્ષેત્રે નવી યોજના બની શકશે જેનો લાભ ભવિષ્યમાં થશે. લાભ અને સુખમાં વધારો થઈ શકશે.

કર્ક : તમારા કાર્યોની સમાજમાં અને વ્યવસાયક્ષેત્રે નોંધપાત્ર પ્રશંસા થશે. જમીન- મકાન ખરીદવાની આકાંક્ષા પૂર્ણ થવાની સંભાવના રહેશે.

સિંહ : કાર્યક્ષમતામાં વૃદ્ધિ થશે. માનસિક અસ્થિરતા દૂર કરો અને કાર્ય સમય પર પૂર્ણ કરવાનો પ્રયત્ન કરો. આર્થિક લાભનાં સ્ત્રોતોથી સંબંધી ઉત્પન્ન થયેલી સમસ્યાઓ છતાં કાર્ય પૂર્ણ થવાની સંભાવના છે. ધાર્મિક કાર્યોમાં સમય પસાર થશે.

કન્યા : સગા- સંબંધીઓથી મુલાકાત થશે. પ્રતિસ્પર્ધામાં વિજય પ્રાપ્ત થવાની સંભાવના છે. વેપાર- ધંધા સારા અને લાભપ્રદ આર્થિક લાભની તક પ્રાપ્ત થવાના યોગ પ્રબળ બની રહ્યા છે.

તુલા : સામાજિક ક્ષેત્રોથી લાભ મળી શકશે. આપનામાં આંતરીક પ્રભાવ વધવાથી શત્રુને પરાસ્ત કરી શકશો. આપના અથાગ રીતે કરેલ મહેનતનું ફળ તરત જ મળી શકશે.

વૃશ્ચિક : વિદ્યાર્થી પોતાની મહેનતથી આગળ આવશે. અટકેલા કાર્ય સમય પર પૂરા કરવા આપ કટીબદ્ધ બનશો. વાહન ચલાવતી વખતે સાવચેતી રાખવી. વ્યકિતગત કાર્યોમાં ઉન્નતિ પ્રાપ્ત થશે. વાદ- વિવાદથી દૂર રહેવું.

ધન : વ્યવસાયિક યાત્રાઓ લાભદાયક રહેશે. ઉત્સાહમાં વૃદ્ધિ થશે. અટવાયેલા નાણાં પરત મળી શકે છે. ધર્મના ક્ષેત્રમાં વિશેષ રુચિ જાગૃત થઈ શકશે. ધન પ્રાપ્તિનો વિશેષ યોગ.

મકર : મનોરંજનમાં સમય પસાર થશે. કોઈપણ કાર્ય માટે સ્વવિવેકથી, સમજી-વિચારીને નિર્ણય લેવો ઉત્તમ રહેશે. સ્થાયી મિલકત, વાહન ખરીદીનો યોગ બને છે. જૂના કાર્યોમાં ઉભી થયેલી સમસ્યાઓનું નિરાકરણ થઈ શકશે.અધિકારી વર્ગનો સહયોગ પ્રાપ્ત થશે.

કુંભ : પુરુષાર્થનું પરિણામ તરત પ્રાપ્ત થશે. સમયનો સદ્‌ઉપયોગ આકાંક્ષાઓની પૂર્તિ કરાવશે. શાસનથી વિશેષ લાભ પ્રાપ્ત થઈ શકે છે.

મીન : સ્વાધ્યાયમાં રુચિ વધશે. સામાજિક, માંગલિક સમારોહમાં ભાગ લેવાના યોગ. કલાક્ષેત્ર સાથે સંકળાયેલ વ્યક્તિઓને લાભ પ્રાપ્તિનો યોગ. દિવસ પ્રતિકૂળ રહી શકે છે. નાણાંકીયક્ષેત્રમાં સમસ્યાઓ સંભવિત.

ચિરવિદાય

- સ્વ. લાલાભાઈ કરશનભાઈ દેસાઈ (ઉ.વ.૬૦) મુ.પો. હાલીસા, તા. દેહગામ, જિ. ગાંધીનગર.